# સુરત જીલ્લો




- ❖ સુરત જિલ્લો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલો દક્ષિણ ગુજરાતનો ખુબ જ મહત્વ ધરાવતો જિલ્લો છે.
- ❖ સુરત જિલ્લાની આજુબાજુ ભરૂચ,નવસારી, ડાંગ,ભરૂચ અને નર્મદા જીલ્લાની સરહદો આવેલી છે.
- ❖ ક્ષેત્રફળ : ૪,૪૧૮ચો.કિમી
- ❖ સ્થાપના :- ૧૯૬૦
- ❖ વિધાનસભાની કુલ સીટો :- ૧૮ { ઓલપાડ,માંગરોલ (એસ.ટી), માંડવી(એસ.ટી), કામરેજ, સુરત-ઈસ્ટ, સુરત-નોર્થ,વરાછારોડ,કારંજ, લિંબાયત,ઉધના,મુંજરા, કતારગામ,સુરત-વેસ્ટ, ચોર્યાસી, બારડોલી(એસ.સી) અને મહુવા}
- ❖ વસ્તી :- ૬૦,૭૯,૨૩૧ (૨૦૧૧)
- ❖ વસ્તી ગીચતા :- ૧૩૩૭
- ❖ અક્ષર જ્ઞાન :- ૮૫.૫૩%
- ❖ સ્ત્રી પુરૂષ પ્રમાણ:- ૭૮૭(દર હજારે)
- ❖ મુખ્ય મથક :- સુરત
- ❖ તાલુકાઓ:- ૧૦ (૧)બારડોલી, (૨)કામરેજ, (૩) બારડોલી (૪)મહુવા,(૫)ઓલપાડ,(૬) માંડવી (૭)પલસાણા,(૮)માંગરોળ, (૯)ઉમરવાડા અને (૧૦)ચોર્યાસી
- ❖ તાલુકા પંચાયતની કુલ સીટો :- ૧૦ (બેઠકો-૧૯૬) (માંડવી-૨૪, ચૌર્યાસી -૨૨, માંગરોળ-૨૪, બારડોલી- ૨૨,ઓલપાડ-૨૪, મહુવા-૨૦,પલસાણા-૨૦, કામરેજ-૨૪ અને ઉમરવાડા-૧૬)
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ❖ જિલ્લા પંચાયતની કુલ સીટો :- ૪૦
- ❖ નગરપાલિકાની સંખ્યા અને વોર્ડ:- ૩ (બારડોલી-૯(૩૬),કડોદરા-૭ (૨૮)અને સચિન-૭ (૨૮)

- સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કુલ વોર્ડ અને સીટો :- ૨૯ ( બેઠકો- ૧૧૬)
- ગામડાંઓ :-૧૨૮૦
- પાક:- ઘઉં,જુવાર,શેરડી,તુવેર,કપાસ,ડાંગર,કઠોળઅનેફળો
- ઉદ્યોગ:-હીરા ઉદ્યોગ ,કાપડ ઉદ્યોગ ,જરી ઉદ્યોગ,ટેક્સટાઈલ ઉદ્યોગ,ખાંડ અને કાગળ ઉદ્યોગ,પાવર ઉદ્યોગ અને રાસાયણિક ખાતર ઉદ્યોગ
- ખનીજ:- ચૂનો, કુદરતી વાયુ અને તેલ, લિગ્નાઈટ, લાઈમ સ્ટોન
- નદીઓ:- તાપી,કીમ અને મીંઢોલી
- ડેરી :- સુમુલ ડેરી
- તળાવ :- ગોપી તળાવ (સુરત)
- વાવ :- સોઢાળી વાવ (માંગરોળ)
- રાજ્યકક્ષાનું વન:-:- એક્તા વન (મૌતા-૨૦૧૬)
- કુંડ :- કતાર કુંડ (ચૌયાર્સી )
- નૃત્ય :- હાલી નૃત્ય
- મ્યુઝિયમ :- સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ (સુરત- 1891)
- જળાશય (ડેમ):- કાકરાપાર ડેમ
- સંશોધન કેન્દ્ર :- મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત
- બંદરો :- મગદલ્લા ,સુરત,હજીરા,ડુમ્મસ
- આરટીઓ :- **GJ-05 , GJ-28**
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- અગત્યના સ્થળો :- બારડોલી ,ડુમસ ,હજીરા ઉકાઈ ઉતરાણ ,ઉધાન
- જોવાલાયક સ્થળો :- સુરત હીરા ઉદ્યોગ ,કાપડ ઉદ્યોગ ,જરી ઉદ્યોગ, ડુમ્મસ પ્રવાસધામ માટે ભારતભરમાં જાણીતું છે, હજીરા વિહારધામ .

વિશેષ નોંધ :

- અંગ્રેજ સરકારની પહેલી વેપારી કોઠી ની સ્થાપના સુરતમાં કરવામાં આવી હતી.
- સુરત એ મુઘલ યુગ દરમિયાન ગુજરાતનું સમૃદ્ધ બંદર હતું અને મક્કાનું પ્રવેશદ્વાર તરીકે જાણીતું બંદર હતું.
- હાલીનૃત્ય સુરત જિલ્લામાં દૂબળા આદિવાસીઓનું નૃત્ય છે. એક પુરુષ અને એક સ્ત્રી ગોળાકારમાં ગોઠવાઈને, કમ્મર ઉપર હાથ રાખીને નાચે છે. સાથે ઢોલ અને થાળી વગાડતાં હોય છે.
- સુરત તાપી કિનારે વસેલું શહેર છે. સુરત હીરા ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ અને જરી ઉદ્યોગ માટે ભારતભરમાં પ્રખ્યાત છે.
- ઈ.સ. 1938માં સુરત જિલ્લાના હરિપુરા ગામમાં કોંગ્રેસ અધિવેશનના પ્રમુખ તરીકે સુભાષચદ્ર બોઝ હતા.
- ઈ.સ. 1802માં દામાજી ગાયકવાદને સુરત આપીને બ્રિટિશ સામ્રાજ્યમાં જોડાવવાની સંધિ કરી હતી.
- સુરત ગુજરાતનું અગ્રગણ્ય વેપારી મથક અને ઓદ્યોગિક શહેર છે.
- ઉધનામાં રેયોન, જરી,અરીસા,ઘડિયાળ અને મશીન ટૂલ્સ ઉદ્યોગ વિકસ્યા છે.
- એશિયાની સૌપ્રથમ ફરતી રેસ્ટોરન્ટ સુરતમાં આવેલી છે.
- સુરત જીલ્લામાં દુબળા આદિવાસીઓનું હાલી નૃત્ય જાણીતું છે.
- સુરતમાં સૌપ્રથમ પ્લેટોરિયમની સ્થાપના થઈ હતી.
- બંદર-એ- મુબારક તરીકે સુરત ઓળખાય છે.
- સુરતમાં લક્ષ્મી વિજય નાટક મંડળી આવેલ છે.
- સુરત જિલ્લામાં સૌથી વધુ સિંચાઈ નહેરો દ્વારા થાય છે.
- સુરત જિલ્લાના કામરેજ ખાતે નારદ- બ્રહ્માની અનોખી પ્રતિમા ધરાવતું મંદિર આવેલું છે.
- દેશનું પ્રથમ સ્માર્ટ વિલેજનો એવોર્ડ માંડવી તાલુકાનાં પીપરિયા ગામને મળેલ છે.
- દેશની પ્રથમ વૈદિક વિલેજ સ્કૂલ સુરતમાં આવેલી છે.
- નહેરો દ્વારા સૌથી વધુ સિંચાઈ કરતો જિલ્લો સુરત છે.
- જુવારનું સૌથી વધારે ઉત્પાદન કરતો જિલ્લો સુરત છે.

- 100% સૌર ઉર્જા ધરાવતા આરોગ્ય કેન્દ્રવાળો દેશનો પ્રથમ જિલ્લો સુરત છે.
- ભારતની પ્રથમ ટેક્સટાઈલ યુનિવર્સિટી સુરત ખાતે આવેલ છે.
- ભારતનું પ્રથમ ઈકો વિલેજ સુરત જિલ્લાનું માંડવી તાલુકાનું ધજ ગામ છે.
- એશિયામાં માનવસર્જિત યાર્નનું સૌથી મોટું માર્કેટ સુરતમાં આવેલ છે.
- ઈ.સ. 1850માં કપાસને લોઢવા માટે સૌપ્રથમ જીનની સ્થાપના કરવામાં આવી હતી.
- ઈ.સ. 1956માં ગુજરાત નું સૌપ્રથમ સહકારી ધોરણે ચાલતું ખાંડનું કારખાનું બારડોલી ખાતે સ્થાપવામાં આવ્યું હતું.
- ઈ.સ. 1939માં ગુજરાતની સૌપ્રથમ દૂધ ઉત્પાદક સહકારી મંડળી સુરત ખાતે સ્થાપવામાં આવી હતી.
- બારડોલી તાલુકામાં આવેલ મઢી તુવેરદાળ અને ખમણી માટે જાણીતું છે.
- હજીરા અને ઘોઘા પાસે કુંડા ગામમાં સુપ્રસિદ્ધ દરિયાઈ દેવી શિકોતરી માતાનું મંદિર આવેલું છે. શિકોતરી માતા ઘોઘાના વાણિયા અને ખારવા કોળીના કુળદેવી છે.
- લાખા ફુલાણીનો પાળિયો જસદણ તાલુકાનાં આટકોટમાં આવેલો છે.
- ઈ.સ. 1855માં ગુજરાતમાં સૌપ્રથમ રેલવે ઉતરાણ- અંકલેશ્વર સ્ટેશનો વચ્ચે શરૂઆત થઈ હતી.
- સુરતમાં આવેલ ગોપી તળાવનું બાંધકામ ઈ.સ. 1510માં મલેક ગોપી નામના બ્રાહ્મણ વેપારીએ કરાવ્યુ હતું. આ તળાવને 16 બાજુએ 16 ખૂણા આવેલા છે. વર્ષ 2016થી ગોપીકલા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- સુરત જિલ્લાના ઈમરોડ ખાતે સરકાર સંચાલિત સંશોધન કેન્દ્ર સેન્ટ્રલ કેટલ બ્રિડિંગ ફાર્મ આવેલું છે.
- સુરતમાં પ્રથમ છાપખાનાની શરૂઆત દુર્ગારામ મહેતા દ્વારા કરવામાં આવી હતી.
- શેરડીનું સૌથી વધુ ઉત્પાદન સુરત જીલ્લામાં થાય છે.
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ગુજરાતનું સૌપ્રથમ ઈકો ગામ – ધજગામ (માંડવી, સુરત)
- ગુજરાતની પ્રથમ અંગ્રેજી શાળા સુરત ખાતે ઈ.સ.1834માં દલપતરામ ભગુભાઈએ શાહપુરનાં મુસાફરખાના' પાસે શરૂ કરી હતી.
- ગુજરાત રાજ્યમાં પ્રથમ મહિલા પોલીસ કોલ સેન્ટર – સુરત
- ગુજરાતમાં સૌપ્રથમ પ્લેનેટોરીયમ – સુરત
- પ્રથમ છાપખાનું કાઢનાર :- દુર્ગારામ મહેતાજી , સુરત (૧૮૪૨)
- દેશનું સૌથી લાંબુ BRTS નેટવર્ક ધરાવતું ગુજરાતનું શહેર –સુરત
- ગુજરાતમાં સુરત ખાતે આવેલ ભારતનું સૌપ્રથમ કાર્ટૂન નેટવર્ક થીમ પાર્કનું નામ – અમાઝીયા
- સૂર્યઉર્જા આધારિત ૧૦૦% આરોગ્ય કેન્દ્રો ધરાવનાર ગુજરાતનો પ્રથમ જિલ્લો- સુરત

gnanbhandar.com